# જેવા હોઈએ તેવા ઠીક

– ગુલાબરાય જોબનપુત્રા

પંચતંત્રની કથા ગમે તે કહેતી હોય પણ નવ્ય બોધ સાથે આપણી કથા આવી છે.

એક ધોબી હતો. તેની પાસે એક ગધેડો હતો. તે ગધેડા પાસેથી ખૂબ કામ લેતો, પણ પેટ પૂરતું ખવરાવી શકતો નહિ. એક દિવસ તેને મરેલા વાઘની ખાલ મળી ગઈ અને મનમાં એક વિચાર ઝબૂક્યો. તેણે વાઘની ખાલ ગધેડાને પહેરાવી દીધી અને ખેતરોમાં ચરવા છોડી દીધો. ગધેડો ધરાઈને આવ્યો. ધોબી ખુશ થયો. હવે તે દરરોજ તેને વાઘની ખાલ પહેરાવી દેતો અને ચરવા છોડી દેતો. આમ કાયમ ખાલ પહેરવાથી ગધેડાને વહેમ પેસી ગયો કે પોતે ખરેખર વાઘ છે, અને તે વાઘના વહેમમાં રહેવા લાગ્યો. તેની ચાલચલગત ફરી ગઈ. એક દિવસ ધોબીએ તેની પીઠ ઉપર કપડાંનું પોટલું **બાંધ્યું** અને નદીએ હંકારી જવા લાગ્યો. ગધેડાએ પોટલું ઉલાળી નાખ્યું અને રુઆબથી કહ્યું, ‘‘હું હવે ગધેડો નથી, વાઘ છું, ખબર છે ને ?’’ ‘‘ધોબીએ ધોકો લીધો અને ગધેડાએ ધોકાવ્યો. ગધેડો હોંચી.....હોંચી..... કરવા માંડયો. ધોબીએ કહ્યું, ‘‘તું હોંચી હોંચી કરે છે, વાઘની જેમ ત્રાડ પાડી શકતો નથી, એટલે  વાઘની ખાલ પહેરવાથી તું વાઘ બની ગયો નથી. તું ગધેડો છે !’’



આ પછી ધોબીએ તેને વાઘની ખાલ પહેરાવવાનું છોડી દીધું. તેને લાગ્યું કે તે ભૂખે ભલે મરતો પણ વાઘના વહેમમાં ફરે તે સારું નહિ.

ગધેડા**એ** વાઘની ખાલ પડાવી દીધી, પણ એથી તે ગધેડો મટી ગયો નહિ, માટે કોઈ ખોટા વહેમમાં રહેવું નહિ – જેવા હોઈએ તેવા ઠીક !

■